


## વરસાદની ઋતુ દરમિયાન શહેરોની સ્થિતિ

જવાબદારીના અભાવે આપણા શહેરોની સ્થિતિ વધુ ખરાબ કરી છે. વરસાદની ઋતુ દરમિયાન, શહેરો વધુ દયનીય બની જાય છે. રસ્તાઓ પાણીમાં ડૂબી જાય છે, જ્યારે ગટરો છલકાઈ જાય છે. પહેલા વરસાદ દરમિયાન શહેરોમાં પાણી ભરાઈ જાય છે અને ટ્રાફિક જામ થાય છે.

રાહતની વાત છે કે મોડા પડેલા ચોમાસાએ સમગ્ર દેશને આવરી લીધો છે. છેલ્લા કેટલાક દિવસોમાં, ચોમાસુ દેશના એવા ભાગોમાં પહોંચી ગયું છે જ્યાં તેના આગમનનો ભય હતો. જો કે, ઘણા શહેરોમાંથી એવા અહેવાલો સાંભળીને પણ ચિંતા થાય છે કે પહેલા વરસાદ દરમિયાન લોકો પાણી ભરાઈ જવા, ટ્રાફિક જામ અને અન્ય સમસ્યાઓનો ભોગ બન્યા છે. શહેરમાં ટૂંકા ગાળામાં ભારે વરસાદ અનિવાર્યપણે પાણી ભરાવાની સમસ્યા તરફ દોરી જશે તે સમજી શકાય તેવું છે, પરંતુ શું તેનો અર્થ એ છે કે ઘણા શહેરોમાં મધ્યમ વરસાદ પણ લોકો માટે સમસ્યા બની શકે છે?

એ નિરાશાજનક છે કે દર વર્ષે ચોમાસાની ઋતુ દરમિયાન, આપણા નાના અને મોટા શહેરો અસંખ્ય સમસ્યાઓથી ઘેરાયેલા હોય છે. શેરીઓ અને મુખ્ય રસ્તાઓ પર પાણી ભરાવાથી ટ્રાફિકમાં ભારે વિક્ષેપ પડે છે, પરંતુ મોટા અને નાના બંને પ્રકારના અસંખ્ય અકસ્માતો પણ થાય છે. ક્યારેક, આ અકસ્માતોમાં જાનહાનિ પણ થાય છે. લાંબા સમયથી રાહ જોવાતો વરસાદ મુશ્કેલીનું કારણ બને છે તેનાથી મોટી વિડંબના કોઈ નથી. આનું મુખ્ય કારણ શહેરોના આયોજનબદ્ધ વિકાસનો અભાવ છે, ખાસ કરીને યોગ્ય વરસાદી પાણીના નિકાલનો અભાવ છે.

દર વર્ષે, ચોમાસાના આગમન પહેલાં, એવા અહેવાલો આવે છે કે સ્થાનિક અધિકારીઓ પાણી ભરાવા અને ગટરોની સફાઈ માટે પગલાં લઈ રહ્યા છે. જો કે, પહેલો વરસાદ ઘણીવાર આ દાવાઓનો પર્દાફાશ કરે છે. આનું કારણ એ છે કે મ્યુનિસિપલ સંસ્થાઓ તેમની ફરજો યોગ્ય રીતે બજાવતી નથી. છતાં, મ્યુનિસિપલ અધિકારીઓ, કાઉન્સિલરો, મેયર વગેરેને વરસાદ સંબંધિત સમસ્યાઓ માટે ક્યારેય જવાબદાર ઠેરવવામાં આવતા નથી.

જવાબદારીના આ અભાવે આપણા શહેરોનો દેખાવ વધુ ખરાબ કર્યો છે. વરસાદની ઋતુ દરમિયાન, શહેરો વધુ દયનીય બની જાય છે. રસ્તાઓ પાણીમાં ડૂબી જાય છે, ગટરો છલકાઈ જાય છે. વરસાદની ઋતુ દરમિયાન ઘણી સમસ્યાઓ ઊભી થાય છે કારણ કે રસ્તાઓ અને ગટરો નબળી રીતે બનાવવામાં આવે છે. આના કારણે ઘણીવાર રસ્તાઓ અને એક્સપ્રેસવે પણ તૂટી પડે છે.

વરસાદને કારણે વધુ પડતા પાણી ભરાઈ રહેલા શહેરોને કરોડો રૂપિયાનું નાણાકીય નુકસાન થાય છે, છતાં વરસાદ સંબંધિત સમસ્યાઓના કાયમી અને નક્કર ઉકેલોનો હજુ પણ અભાવ છે. મ્યુનિસિપલ સંસ્થાઓમાં ભ્રષ્ટાચાર આનું એક મુખ્ય કારણ છે. આપણા દેશમાં બીજી એક મોટી દુર્ઘટના એ છે કે ગટર અને ગટર વ્યવસ્થા નબળી ગુણવત્તાની છે. પરિસ્થિતિ એવી છે કે, જેમ જેમ શહેરો વિસ્તરે છે, નવા વિકસિત વિસ્તારોમાં પણ યોગ્ય ડ્રેનેજ પગલાંનો અભાવ છે. આ સૂચવે છે કે દેશમાં વ્યવસ્થિત શહેરી આયોજન જેવી કોઈ વસ્તુ બાકી નથી.

તંત્રી : પ્રકાશ ચૌધરી

### ટ્રમ્પની તબાહ કરી દેવાની ધમકી પર ઈરાનનો પલટવાર

## ઈરાને અમેરિકા સાથે કોઈપણ વાતચીતનો સ્પષ્ટ ઇનકાર કર્યો

**ઈરાન કહે છે કે જ્યાં સુધી અમેરિકા તેની કાર્યવાહી બંધ ન કરે ત્યાં સુધી તે કોઈપણ કરાર માટે તૈયાર નથી**

વોશિંગ્ટન, તા.૧૨

ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેની, જે ૨૮ ફેબ્રુઆરીના રોજ હવાઈ હુમલામાં માર્યા ગયા હતા, તેમને દફનાવવામાં આવ્યા છે. આ પહેલા, ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધવિરામ થયો હતો, અને બધાને આશા હતી કે બાબતોનો ઉકેલ આવશે. જો કે, યુદ્ધનો ભય લાગી રહ્યો હોય તેવું લાગે છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનને વારંવાર ધમકીઓ આપી રહ્યા છે.

તાજેતરમાં, તેમણે કહ્યું હતું કે અમેરિકા ઈરાન સામે ૧,૦૦૦ મિસાઈલ છોડવા માટે તૈયાર છે. આ દરમિયાન, એવા અહેવાલો પણ બહાર આવી રહ્યા છે કે ઈરાને અમેરિકા સાથે કોઈપણ વાટાઘાટોનો સ્પષ્ટ ઇનકાર કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈરાન કહે છે કે જ્યાં સુધી અમેરિકા તેની કાર્યવાહી બંધ ન કરે ત્યાં સુધી તે કોઈપણ કરાર માટે તૈયાર નથી.

ઈરાન અને અમેરિકા વચ્ચે માત્ર શબ્દ યુદ્ધ જ નથી થયું, પરંતુ મિસાઈલ હુમલા પણ થયા છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજો પર હુમલો કરવામાં આવ્યો, અને તરત જ, ઈરાની શહેરો પર મિસાઈલો છોડવામાં આવી. અમેરિકાએ તેહરાનની આસપાસના અનેક વિસ્તારોમાં બોમ્બમારો કર્યો, જેમાં એક તેલ રિફાઈનરી અને એક પુલનો નાશ થયો. ઈરાનનું સંપૂર્ણ ધ્યાન ખામેનીના અંતિમ સંસ્કાર પર હતું, તેઓ લાંબા સમયથી તેમના દફનવિધિની તૈયારી કરી રહ્યા હતા, પરંતુ તે દરમિયાન, યુએસ હુમલાઓનો જવાબ આપવો પણ જરૂરી હતો.

ઈરાને કતર અને બહેરીનમાં લશ્કરી છાવણીઓ પર હુમલો કર્યો. ઈરાને તેલ અવીવ અને અન્ય ઘણા વિસ્તારોમાં ઈઝરાયલી લશ્કરી થાણાઓને પણ નિશાન બનાવ્યા. આ બધા વચ્ચે, ટ્રમ્પના તાજેતરના નિવેદને બધાને ચિંતામાં મૂકી દીધા છે.

ટ્રમ્પે કહ્યું કે જો ઈરાન તેમના પર હુમલો કરશે અથવા તેમની હત્યા કરવાનો પ્રયાસ કરશે, તો ઈરાન પર ૧,૦૦૦થી વધુ મિસાઈલો છોડવામાં આવશે. તેમણે કહ્યું કે યુએસ સૈન્ય આમ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે અને તેમને એક વર્ષ સુધી ઈરાન પર હુમલા કરવાનો અને રાષ્ટ્રપતિ ટ્રમ્પને કંઈ થાય તો તેને સંપૂર્ણપણે નાશ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.



ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ મુજતબા ખામેનીએ તેમના પિતાના મૃત્યુનો બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી છે. તેમણે આ નિવેદન તેમના ટેલિગ્રામ એકાઉન્ટ દ્વારા આપ્યું છે. મોજતબાએ તેમના પિતાના અંતિમ સંસ્કાર દરમિયાન આ સંદેશ આપ્યો હતો.

સંદેશમાં લખ્યું હતું કે, અમે અમારા શહીદ નેતા અને આ બે યુદ્ધોના તમામ શહીદોના લોહીનો બદલો ગુનેગારો અને કુખ્યાત હત્યારાઓ પાસેથી લેવાનું વચન આપીએ છીએ. ખરેખર, ખામેનીના અંતિમ સંસ્કાર દરમિયાન લોકોએ ખુલ્લેઆમ ટ્રમ્પની હત્યા કરવાની માંગ કરી હતી.

આ નિવેદન બાદ, ટ્રમ્પે ઈરાનનો નાશ કરવાનો આદેશ આપ્યો. હવે, દરેકને ડર છે કે જો ઈરાન અને અમેરિકા વચ્ચે બીજું યુદ્ધ ફાટી નીકળશે, તો પરિસ્થિતિ વધુ ખરાબ થશે. બંને દેશો વચ્ચેના યુદ્ધમાં અન્ય દેશો પણ ભોગવશે અને સામાન્ય લોકોને તેનો સૌથી વધુ ભોગવવો પડશે.

## મુંબઈની તાજ હોટેલને મળી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

મુંબઈ, તા.૧૨

મુંબઈની તાજ હોટેલમાં બોમ્બ હોવાની ધમકી આપવામાં આવી છે. રવિવારે (૧૨ જુલાઈ) અડધી રાત્રે મુંબઈની પ્રખ્યાત તાજ હોટેલમાં બોમ્બની ધમકી મળ્યા બાદ કંટ્રોલ રૂમમાં પોલીસની તપાસ તેજ કરી દેવામાં આવી છે. એક માણસે રાત્રે ૧૨.૧૩ વાગ્યે નવી મુંબઈ પોલીસ કંટ્રોલને ફોન કરીને જણાવ્યું, ×દાઉદે તાજ હોટેલમાં બોમ્બ રાખ્યો છે.×

ત્યારબાદ આ માહિતી મુંબઈ મેઈન કંટ્રોલ રૂમને આપવામાં આવી. માહિતી મળતાની સાથે જ કોલાબા પોલીસ, ક્રાઈમ સીન ઈન્વેસ્ટિગેશન ટીમ અને બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (BDDS) તરત જ તાજ હોટેલ પહોંચી ગયા. ધમકી મળ્યા બાદ હોટેલની મેઈન લોબી, સ્વિમિંગ પૂલ, અલગ-અલગ હોલ, રેસ્ટોરન્ટ, પાર્કિંગ, બહારના વિસ્તારો અને અન્ય સેન્સિટિવ જગ્યાઓ પર કાઉન્ટર-ઈમરજન્સી ચેકિંગ કરવામાં આવ્યું. ઈન્સ્પેક્શન દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક મળ્યા નથી. ટેકનિકલ તપાસમાંથી જાણવા મળ્યું છે કે ધમકીભર્યો કોલ તુર્ભે વિસ્તારમાંથી કરવામાં આવ્યો હતો. આ નંબરના આધારે પોલીસે શંકાસ્પદ વ્યક્તિની શોધખોળ શરૂ કરી છે અને તુર્ભે પોલીસ સ્ટેશનની મદદથી કોલ કરનારનો પતો લગાવવાનું કામ ચાલી રહ્યું છે. તાજ હોટેલમાં બોમ્બ હોવાની ધમકી મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓ એલર્ટ મોડ પર છે. એજન્સીઓ દ્વારા કોલ કરનાર વ્યક્તિ વિશે માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. પોલીસ આ ઘટનાને ધ્યાનમાં રાખીને સાવચેતી વર્તી રહી છે. હોટેલની આસપાસના વિસ્તારની અવર જવર પર નજર રાખવામાં આવી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર કોઈ શંકાસ્પદ વ્યક્તિ મળ્યાના અહેવાલ નથી.

તપાસ એજન્સી આ અંગે હોટેલમાં છાનબીન કરવામાં જોતરાઈ ગઈ છે. જો કે ટીમને કંઈ જ મળ્યું નથી. હવે તે ફોન કોલનો પતો લગાવવા માટે પોલીસે તપાસ શરૂ કરી દીધી છે. તમને જણાવી દઈએ કે થોડા મહિના પહેલા પણ આ પ્રકારનો ધમકીભર્યો કોલ હોટેલ સ્ટાફને મળ્યો હતો. હાલમાં આ ઘટના બાદ તાજ હોટેલની સુરક્ષા કડક કરી દેવામાં આવી છે. પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવામાં આવ્યો છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ**આજે કાર્યમાં ઉત્સાહ રહેશે. અટકેલા કામ ઓછા પ્રયત્નોથી પૂર્ણ થશે. આજે બનાવેલી નવી યોજનાઓ બપોરે વધુ ફળદાયી થશે. સામાજિક કારણો માટે સમય આપવો પડી શકે છે.

**વૃષભઃ** આજે તમારી ઈચ્છા પૂર્ણ થશે પરંતુ આ માટે વધુ સંકલ્પ શક્તિની જરૂર રહેશે. કાલ્પનિક દુનિયા છોડવાના ફાયદા અને ગેરલાભ તમારી માનસિકતા પર આધારિત છે.

**મિથુનઃ** આજે પણ સંજોગો તમારી તરફેણમાં રહેવાથી લાભની ઘણી તકો મળશે. ધંધામાં વધારાને કારણે આવકમાં વધારો થશે અને નવા સ્રોતોથી પણ પૈસાનો લાભ મળશે. રોકાણ માટે દિવસ ખૂબ જ શુભ છે.

**કર્કઃ** આજે ચઢાવ-ઉતારનો દિવસ રહેશે. અસામાન્ય સ્વાસ્થ્યને કારણે શારીરિક નબળાઈનો અનુભવ થશે. આજે મન લગાવ્યા વિના કામ કરવું પડી શકે છે. આનંદ આવશે અને અચાનક પૈસા મળશે

**સિંહઃ** આજે તમે સામાજિક કાર્ય દ્વારા કેટલાક ઉદ્દેશ પ્રાપ્ત કરશો. ઓફિસનું વાતાવરણ કાર્ય માટે યોગ્ય રહેશે. તમને તમારા જીવનસાથીનો સહયોગ મળતો રહેશે. ઘરે ધંધાની નારાજગીના કારણે કારણે મતભેદ વધી શકે છે.

**કન્યાઃ** આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. સરળતાથી સ્પર્ધકો પર જીત મેળવશો. કાર્યક્ષેત્રમાં પણ દિવસ પ્રસન્નતાનો રહેશે, ભૂતકાળમાં કરેલી મહેનતનું ફળ મળવાનું શરૂ થશે.

**તુલાઃ** આજનો દિવસ તમારી પરીક્ષા જેવો છે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારા પરિણામ લાવશે. મિત્રોના સમર્થનથી તમે કોઈપણ મોટા પ્રોજેક્ટને અંતિમ રૂપ આપશો.

**વૃશ્ચિકઃ** આજે તમારો દિવસ સામાન્ય કરતા સારો રહેશે. તમારી મહત્વાકાંક્ષાઓની પરિપૂર્ણતા તમને દિવસભર ખુશ રાખશે. આજે તમે સ્વાસ્થ્યને લઈને થોડા અસ્વસ્થ થશો, કેટલાક લોકો શરદીથી પરેશાન થઈ શકે છે.

**ધનઃ** શરૂઆતમાં તમે નવા કામમાં થોડી અડચણ અનુભવશો. મિત્રો અને સંબંધીઓ સાથે લાંબી મુસાફરીનું આયોજન કરવામાં આવશે, ઘરમાં કોઈના આગ્રહને પરિપૂર્ણ કરવાને કારણે નાના ખર્ચ પણ થશે.

**મકરઃ** આજનો દિવસ તમને ખુશી અને શાંતિ આપશે. સમય પસાર કરવા માટે તમને મનોરંજનના સાધન મળશે, તમને આમાં મિત્રોનો ટેકો મળશે.

**કુંભઃ** આજે દિવસભર નરમ સ્વાસ્થ્ય હોવાને કારણે શારીરિક ક્ષમતાઓ ઓછી રહેશે. કામના ભારણમાં વધારો થવાને કારણે તમને ઘણી મુશ્કેલીનો અનુભવ થશે.

**મીનઃ** આજે તમારો દિવસ ચપળતાથી ભરપૂર રહેશે. તમારા સાથીઓ હળવા મૂડમાં રહેશે અને પહેલા કરતાં વધુ કામ કરવાની તેમની ઈચ્છા વ્યક્ત કરશે. નાણાકીય સમસ્યાનું સમાધાન પણ બહાર આવશે.

# મન જ છે બધા દુઃખનું મૂળ, સંતસંગ અમૃત છે, કુસંગ ઝેર છે, સંગની શક્તિથી ઘડાય છે જીવન અને મૂળથી કપાય છે વિકાર.

માણસ એકલો જન્મે છે,પણ એકલો જીવી શકતો નથી.જન્મ થી મૃત્યુ સુધી આપણે કોઈને કોઈની છાયામાં ચાલીએ છીએ. તે છાયાનું નામ છે ×સંગ×. આપણે જે લોકો સાથે બેસીએ છીએ, જેની વાતો સાંભળીએ છીએ, જેના વિચારો આપણા કાનમાં પડે છે, તે ધીમે ધીમે આપણા રક્તમાં ભળી જાય છે.

ભલે આપણે રોજ ભક્તિગીત ગાઈએ, માળા ફેરવીએ, શાસ્ત્ર વાંચીએ, પણ જો આપણી આસપાસનો માહોલ ખોટો હોય તો તે બધું કાગળ પરના અક્ષર જેવું રહી જાય છે. જીવનમાં ઉતરતું નથી. કારણ કે સંગ એ બીજ છે. જે બીજ આપણે રોપીએ છીએ તેવું જ વૃક્ષ આપણા જીવનમાં ઉગે છે.

સંગ માણસને ઘડે છે, ભાંગે પણ છે.આપણા આચરણ, વિચાર અને સ્વભાવનો ૮૦ ટકા હિસ્સો આપણી આસપાસના પાંચ લોકોથી બને છે.સારો સંગ માણસને ઊંચે લઈ જાય છે અને ખરાબ સંગ તેને પાતાળમાં ધકેલી દે છે.

ખરાબ સંગની ખાસિયતએ છે કે તે ધીમે ધીમે આવે છે.પહેલા તે મજાક લાગે છે,પછી આદત બને છે,અને છેલ્લે સ્વભાવ બની જાય છે.જ્યારે આપણે ખોટા લોકો સાથે રહીએ છીએ ત્યારે આપણું મન એમના જેવું વિચારવા લાગે છે. આપણે ગમે તેટલું જ્ઞાન ભેગું કરીએ, ગમે તેટલા પ્રવચન સાંભળીએ,

પણ જો વાસણ જ ગંદું હોય તો તેમાં રેડેલું ગંગાજળ પણ ગંદું થઈ જાય છે.

આથી જ શાસ્ત્રો કહે છે: ×સત્સંગત્વે નિસ્સંગત્વં, નિસ્સંગત્વે નિર્મોહત્વં×સારા સંગ થી વૈરાગ્ય આવે છે,વૈરાગ્યથી મોહ જાય છે.આધ્યાત્મિક માર્ગમાં સંતસંગ અનિવાર્ય છે

જો તમારે ધન કમાવું હોય તો ધનવાનો સાથે રહો. રાજકારણ શીખવું હોય તો રાજકારણીઓ નો સંગ કરો. પણ જો તમારે ભક્ત બનવું હોય,શાંતિ મેળવવી હોય, ઈશ્વરને ઓળખવો હોય તો તમારે સંતો, મહાત્માઓ અને વૈષ્ણવોનો સંગ કરવો પડશે.

સંતનો સંગ એટલે અરીસા સામે




ઊભા રહેવા જેવું છે. આપણી ભૂલો,આપણા અહંકાર,આપણી નબળાઈઓ આપણને તરત દેખાઈ જાય છે.સંતની એક વાત એક નજર,એક મૌન પણ હજારો પુસ્તકોથી વધારે શીખવાડી જાય છે. દુષ્ટ વ્યક્તિ સાથે એક ક્ષણનો સંગ પણ વર્ષોની સાધનાને ધૂળ માં મેળવી શકે છે. જ્યારે સંતનો સંગ એક ક્ષણમાં જીવન બદલી શકે છે. ઈતિહાસ સાક્ષી છે:સંગથી પરિવર્તન સંગની શક્તિના બે સૌથી મોટા ઉદાહરણ આપણા શાસ્ત્રોમાં મળે છે.વાલિયા લૂંટારા થી વાલ્મીકિ ઋષિ:વાલિયો લૂંટારો હતો.હત્યા કરવી તેનો ધંધો હતો.પણ સંતોના સંગમાં આવ્યો. ×મરા મરા×નો જાપ કરતા કરતા તે વાલ્મીકિ બન્યો અને રામાયણ જેવો મહાગ્રંથ લખ્યો.

અંગુલિમલ નવસો નવાણું લોકો ની આંગળી કાપીને માળા બનાવ નારો ક્રૂર ડાકુ હતો.ભગવાન બુદ્ધ સાથેની માત્ર એક મુલાકાત,એક વાતચીતે તેનું હૃદય પીગળાવી દીધું.તે ભિક્ષુ બની ગયો.આ બંને કિસ્સા સાબિત કરે છે કે માણસ ખરાબ નથી હોતો, તેનો સંગ તેને ખરાબ બનાવે છે. અને જો સંગ બદલાય તો ભાગ્ય પણ બદલાય છે.દુષ્ટતાનું મૂળ કાપો,માત્ર ડાળી નહીં આ વાત એક વાર્તાથી વધારે સ્પષ્ટ થાય છે.

એક માણસના આંગણામાં એક ઝાડ ઉગ્યું.તેને ફળ આવ્યા.એક દિવસ કૂતરાએ ફળ ખાધું અને મરી ગયો.પછી એક છોકરા એ ફળ ખાધું અને તે પણ મરી ગયો માણસને સમજાયું કે ઝાડ ઝેરી છે. તેણે કુહાડી લઈને બધા ફળ કાપી નાખ્યા. થોડા દિવસમાં ફરીથી ફળ આવ્યા.તેણે ડાળી ઓ પણ કાપી નાખી.ફરીથી ફળ આવ્યા.

છેવટે પાડોશીએ કહ્યું,×ભાઈ,તમે ફળ અને ડાળી કાપો છો પણ મૂળ તો છેજ.જ્યાં સુધી મૂળ છે ત્યાં સુધી ઝાડ ઉગતું રહેશે.× માણસે મૂળ કાપી નાખ્યું અને કાયમ માટે મુક્ત થયો.આપણા જીવનમાં પણ આવું જ છે. ગુસ્સો,લોભ,ઈર્ષા,જૂઠ,વ્યસન, ખરાબ સંગ આ બધા ઝેરી ફળ છે. આપણે ઉપર ઉપરથી તેને કંટ્રોલ કરવાનો પ્રયાસ કરીએ છીએ.થોડા દિવસ સારા રહીએ છીએ,પછી ફરીથી પડી જઈએ છીએ.કારણ કે આપણે મૂળનથી કાપ્યું.અને તે મૂળ ક્યાં છે? આપણા મનમાં. અને મનને ખરાબ કરનાર છે ખરાબ સંગ. જ્યાં સુધીખરાબ સંગ છે, ત્યાં સુધી મનમાં ઝેર ઉત્પન્ન થતું રહેશે.તો શું કરવું?

★સંગની ચાળણી વાપરો: દરેક વ્યક્તિને તમારા જીવનમાં પ્રવેશ ના આપો.જે લોકો તમારામાં શ્રદ્ધા,ધીરજ અને પ્રેમ વધારે છે તેની સાથે રહો.

★સત્સંગને ટેવ બનાવો: અઠવાડિયામાં એક વાર પણ સંતવાણી,ભજન,ધાર્મિક ચર્ચા માં બેસો.એકલા સાધના કરતા સત્સંગની સાધના દશ ગણી વધારે ફળ આપે છે.

★મનને મૂળથી શુદ્ધ કરો:રોજ દશ મિનિટ મૌન,પ્રાર્થના અને આત્મનિરીક્ષણ કરો. જુઓ કે મારા વિચારો ક્યાંથી આવે છે.

★છોડવાની હિંમત રાખો:જો કોઈ સંબંધ, કોઈ મિત્રતા તમને ઈશ્વરથી દૂર લઈ જાય છે તો તેને ×ના× કહેવાની તાકાત રાખો. કામચલાઉ દુઃખ સહન કરવું સારું, પણ આખી જિંદગી ઝેર પીવા કરતા સારું છે.

જીવન એક ખેતર છે.તમે જે બીજ વાવશો તે જ લણશો. સંગ એ બીજ છે.ખરાબ સંગ વાવશો તો કાંટા ઊગશે. સારો સંગ વાવશો તો ફૂલ અને ફળ ઊગશે. યાદ રાખો,આપણે આપણા સંગથી ઓળખાઈએ છીએ. દીવો અંધારામાં રહે તો પણ પ્રકાશ આપે છે કારણ કે તેનો સંગ અગ્નિ સાથે છે. કોલસો અગ્નિમાં રહે તો પણ ઠંડો રહે છે કારણ કે તેનો સ્વભાવ ઠંડો છે.

આજે નિર્ણય તમારા હાથમાં છે. તમારે વાલ્મીકિ બનવું છે કે વાલિયા રહેવું છે?અંગુલિમલ બનવું છે કે બુદ્ધનો શિષ્ય બનવું છે?મનને નિયંત્રિત કરો,અને તેના માટે સૌથી પહેલા તમારા સંગને નિયંત્રિત કરો.કારણ કે સંગ જ માણસનું ભવિષ્ય લખે છે

# અંબાજી મંદિર બાદ રામમંદિરમાં પણ દાનની ચોરીનો મામલો: સુરક્ષા વ્યવસ્થામાં મોટા ફેરફાર



અયોધ્યાના રામમંદિર દાન ચોરીનો મુદ્દો હાલ દેશભરમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ દરમિયાન સોશિયલ મીડિયા પર અંબાજી મંદિરના ભંડાર કક્ષમાં અગાઉ થયેલી ચોરીના સીસીટીવી ફૂટેજ વાયરલ થતાં ફરી એકવાર અંબાજી મંદિરની ઘટના ચર્ચામાં આવી છે. આ વાયરલ વીડિયોમાં આઉટસોર્સિંગ કર્મચારી ચિરાગ ઠાકોર અન્ય કર્મચારીઓ સાથે નોટોની ગણતરી કરતી વખતે ખૂબ જ ચાલાકીથી એક બંડલ પોતાના પગ નીચે છુપાવતો જોવા મળે છે.

ગઈ ૫ મેના રોજ ભંડાર કક્ષમાં નોટોની ગણતરી દરમિયાન ચિરાગ ઠાકોર રંગેહાથ ઝડપાઈ ગયો હતો. તેણે રૂપિયાનું બંડલ છુપાવ્યા બાદ બાથરૂમ જવાના બહાને બહાર નીકળવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે જ સમયે તેના ખિસ્સામાંથી ૧,૦૪,૦૦૦ રૂપિયાનું બંડલ નીચે પડી ગયું. ત્યાં હાજર અન્ય કર્મચારીઓની નજર પડતા આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. મંદિર ટ્રસ્ટના ચેરમેન અને જિલ્લા કલેક્ટરના આદેશથી તુરંત પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી. આ કેસમાં મુખ્ય આરોપી ચિરાગ ઠાકોર ઉપરાંત વિવેક શર્મા અને નિકુંજ પટેલ નામના અન્ય બે સહ-આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી હતી અને પોલીસે તેમની પાસેથી ૫૦૦ રૂપિયાની ૨૦૮ નોટો રિકવર કરી હતી.

અંબાજી મંદિરના વહીવટદાર કૌશિક મોદીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલો વીડિયો જૂનો છે અને તે ઘટના બન્યા બાદ તરત જ ત્રણેય કર્મચારીઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધી તેમને નોકરીમાંથી બરતરફ કરી દેવામાં આવ્યા હતા. હાલ આ તમામ આરોપીઓ જામીન પર મુક્ત છે.આ ચોરીની ઘટના બાદ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ભંડાર ગણતરીની પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા લાવવા માટે નવી 'સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર' (એસઓપી) અમલી બનાવવામાં આવી છે:

**લાઈવ પ્રસારણ:** ગણતરીની સમગ્ર કામગીરીનું મંદિર પરિસરમાં લગાવેલી મોટી એલઈડી સ્ક્રીન પર લાઈવ પ્રસારણ કરવામાં આવે છે, જેથી શ્રદ્ધાળુઓ પણ આ પ્રક્રિયા જોઈ શકે.

**હાઈ-ટેક સીસીટીવી મોનિટરિંગ:** ભંડાર કક્ષના દરેક ખૂણાને આવરી લેવા માટે ૨૦ જેટલા હાઈ-ટેક સીસીટીવી કેમેરા દ્વારા સતત નજર રાખવામાં આવે છે.

**કર્મચારીઓ પર પ્રતિબંધ:** ભવિષ્યમાં આવી ઘટનાઓ રોકવા માટે વર્ગ-૪ અને આઉટસોર્સિંગના કર્મચારીઓને હવે ભંડાર ગણતરીની પ્રક્રિયાથી સંપૂર્ણપણે દૂર રાખવાનો નિર્ણય લેવાયો છે.

**ચુસ્ત પોલીસ બંદોબસ્ત:** ભંડાર કક્ષમાં પ્રવેશતા અને બહાર નીકળતા દરેક કર્મચારીનું સ્ટેટ રિઝર્વ પોલીસના જવાનો દ્વારા કડક ચેકિંગ કરવામાં આવે છે.

બીજી તરફ, અયોધ્યાના રામમંદિરમાં દાનપાત્રોમાંથી થયેલી ચોરીએ સમગ્ર દેશને ચોંકાવી દીધો છે. પ્રાથમિક અંદાજ મુજબ આ ચોરી ૨૦૦ કરોડ રૂપિયાથી વધુની હોઈ શકે છે. આ મામલે ગણતરી સાથે સંકળાયેલા લગભગ ૫૦ કર્મચારીઓ શંકાના દાયરામાં છે. અત્યાર સુધીની તપાસમાં ૫ કર્મચારીઓ પાસેથી આશરે ૨ કરોડ રૂપિયાની રોકડ, એક કાર અને ૩ આઈફોન જપ્ત કરવામાં આવ્યા છે.

# વિસનગરમાં રખડતા ઢોરનો આતંક યથાવત્, મંદિરે દર્શને જતા ૮૫ વર્ષીય વૃદ્ધાને અડફેટે લેતા ગંભીર ઈજા



વિસનગરમાં રખડતા ઢોરનો ત્રાસ દિન-પ્રતિદિન માઝા મૂકી રહ્યો છે. શહેરના કાંસા એન.એ. વિસ્તારમાં શનિવારે સવારે રખડતા ઢોરે ૮૫ વર્ષીય વૃદ્ધાને અડફેટે લેતા તેમને ગંભીર ઈજાઓ પહોંચી છે. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સામવેદ સોસાયટીમાં રહેતા ૮૫ વર્ષીય સુથાર લક્ષ્મીબેન ઈશ્વરભાઈ શનિવારે સવારે ૯:૩૦ કલાકે શિરડીનગર વિસ્તારમાં આવેલા સાંઈબાબાના મંદિરે દર્શન કરવા માટે પગપાળા નીકળ્યા હતા. મંદિર પાસે પહોંચતા જ એક રખડતા ઢોરે તેમને અચાનક અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં લક્ષ્મીબેનને માથાના અને થાપાના ભાગે ગંભીર ઈજાઓ થતાં લોહીલુહાણ હાલતમાં રસ્તા પર પટકાયા હતા. આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને ૧૦૮ ઈમરજન્સી સેવા મારફતે તેમને સારવાર અર્થે વિસનગરની નૂતન જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ વિસ્તારમાં ઢોરનો ત્રાસ કેટલો ગંભીર છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે, શુક્રવારે પણ આ જ વિસ્તારમાં ભારતીબેન નામની મહિલાને ઢોરે નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો, જોકે તેઓ સમયસૂચકતા વાપરીને માંડ માંડ બચ્યા હતા. એક પછી એક બનતી આવી ઘટનાઓને કારણે શહેરીજનોમાં ફફડાટ અને તંત્રની કામગીરી સામે ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો છે.

નોંધપાત્ર છે કે, આ ઘટનાના માત્ર ત્રણ દિવસ પૂર્વે જ જિલ્લા પોલીસવડાના અધ્યક્ષસ્થાને યોજાયેલા લોક દરબારમાં શહેરીજનો દ્વારા રખડતા ઢોરના મુદ્દે રજૂઆતો કરવામાં આવી હતી. તેમ છતાં પરિસ્થિતિમાં કોઈ સુધારો જોવા મળ્યો નથી. હવે શહેરીજનો દ્વારા તંત્ર સત્વરે કડક કાર્યવાહી કરે તેવી પ્રબળ માંગણી ઉઠી છે, જેથી કોઈ અન્ય નિર્દોષ વ્યક્તિ આ પ્રકારની ઘટનાનો ભોગ ન બને.

# મહેસાણા એ-ડિવિઝન પોલીસની સક્રિયતા, ગેસ સિલિન્ડરની ચોરી કરતા બે શખ્સો રિક્ષા સાથે ઝડપાયા



મહેસાણા જિલ્લામાં મિલકત સબંધી ગુનાઓ અટકાવવા અને વણઉકેલાયેલા ગુનાઓને ભેદવા પોલીસ તંત્ર દ્વારા સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ ઝુંબેશ અંતર્ગત મહેસાણા એ-ડિવિઝન પોલીસે બાતમીના આધારે ચોરીના ગેસ સિલિન્ડર વેચવા નીકળેલા બે શખ્સોને રિક્ષા સાથે રંગેહાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મહેસાણા એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.એલ. પારગીના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન કોન્સ્ટેબલ ચેતનકુમાર વેલજીભાઈ અને તરૂણકુમાર કાનજીભાઈને ખાનગી બાતમી મળી હતી કે, સાંઈબાબા મંદિર નજીક કુણાલ આર્કેડ પાસે એક સીએનજી રિક્ષા (નંબર જીજે-૨-ટીટી-૪૧૮૫)માં બે શખ્સો ચોરીના ગેસના બાટલા વેચવા માટે ફરી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડીને બે શખ્સોની ધરપકડ કરી હતી.

પોલીસે રિક્ષાની તલાશી લેતા તેમાંથી એલ.પી.જી. ગેસના ૫ નંગ બાટલા મળી આવ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપીઓએ કબૂલાત કરી હતી કે, તેઓએ પાટીદાર પ્લાઝા સામેના લાકડાના ગલ્લામાંથી ૨, નજીકની ટી સ્ટોલમાંથી ૨ અને જિલ્લા પંચાયત પાસેની અજુ રગડા સમોસાની દુકાનમાંથી ૧ ગેસ સિલિન્ડર એમ કુલ ૫ બાટલાની ચોરી કરી હતી. આ સિલિન્ડર ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૩૦૫(અ) હેઠળ નોંધાયેલા ગુના સાથે સંકળાયેલા હોવાનું બહાર આવ્યું છે.

પોલીસે પકડાયેલા આરોપીઓ જીગરકુમાર ભીખાભાઈ રાવળ (રહે. ભોયરાવાસ, મહેસાણા) અને પ્રકાશકુમાર જગદીશભાઈ રાવળ (રહે. ફૂટપાથ, મહેસાણા) પાસેથી નીચે મુજબનો મુદ્દામાલ જપ્ત કર્યો છે:જેમાં ગેસ સિલિન્ડર: ૫ નંગ (૩ ભારત, ૧ એચપી અને ૧ ઈન્ડેન) - કિંમત ૧૦,૦૦૦ રૂપિયા.અને મોબાઈલ ફોન: સેમસંગ ગેલેક્સી એ-૧૩ - કિંમત ૫,૦૦૦ રૂપિયા, વાહન: બજાજ સીએનજી રિક્ષા - કિંમત ૬૦,૦૦૦ રૂપિયા. આમ, કુલ ૭૫,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# કડીમાં સેવાની નવી ઇનિંગ: રોટરી અને રોટરેક્ટ ક્લબનો શપથવિધિ સમારોહ સંપન્ન

## વર્ષ ૨૦૨૬-૨૭ માટે નવી ટીમે ગ્રહણ કરી જવાબદારી; સાંસદ રાજેશ શુક્લ અને વલ્લભ એમ. પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સેવાના સંકલ્પનું નૂતન પર્વ



કડી શહેરમાં રોટરી ક્લબ ઓફ કડી અને રોટરેક્ટ ક્લબ ઓફ કડીનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. કડી હાઈવે ચાર રસ્તા પાસે આવેલા સી.એન. આર્ટસ કોલેજ કેમ્પસના શંકરલાલ અમથાલાલ દેસાઈ હોલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહાનુભાવો, ક્લબના સભ્યો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. વર્ષ ૨૦૨૬-૨૭ માટે ચૂંટાયેલા બંને ક્લબના નવા પદાધિકારીઓએ સેવાની જવાબદારીના શપથ ગ્રહણ કર્યા હતા.

આ સમારોહમાં ઈન્સ્ટોલેશન ઓફિસર તરીકે ડીસ્ટ્રીક્ટ શ્યામકુમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પદ તથા ફરજ નિષ્ઠાના શપથ લેવડાવ્યા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે રાજ્યસભાના સાંસદ રાજેશ પી. શુક્લ હાજર રહ્યા હતા. કી-નોટ સ્પીકર તરીકે કડી એસ.વી. કેમ્પસના ચેરમેન વલ્લભ એમ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.જનમેદનીને સંબોધતા સાંસદ રાજેશ શુક્લે જણાવ્યું હતું કે, કડીની ભૂમિ માત્ર એક ભૌગોલિક વિસ્તાર નથી પરંતુ એક વિશેષ ગૌરવવંતું છોગું ધરાવે છે. કડીને સોનાની કડી, ધર્મની કડી કે આરોગ્યની કડી કહેવાની સાથે સાચા અર્થમાં 'સેવાની કડી' કહી શકાય. તેમણે ઉમેર્યું કે, 'સેવા પરમો ધર્મ'ના સૂત્રને કડીના નાગરિકોએ સ્વાર્થથી ઉપર ઊઠીને ચરિતાર્થ કર્યું છે. અહીં પ્રચાર-પ્રસારથી દૂર રહીને પણ લોકો નિરંતર સમાજ સેવા માટે પોતાનું જીવન ઘસી નાખે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની પ્રશંસા કરતા સાંસદે કહ્યું કે, ૨૦૧૪ પછી પદ્મ પુરસ્કારો આપવાની પ્રક્રિયામાં મોટો બદલાવ આવ્યો છે અને હવે પાયાના સાચા સેવકોને શોધીને સન્માનિત કરાય છે. આ સંદર્ભમાં તેમણે રક્તપિત્તના દર્દીઓની સેવા કરનાર તાજેતરમાં દેહાવસાન પામેલા પદ્મશ્રી સુરેશભાઈ સોની અને તેમના પત્નીના નિઃસ્વાર્થ જીવન સમર્પણનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.રાજનીતિ અને સેવા સંસ્થાઓ વચ્ચેનો તફાવત માર્મિક શૈલીમાં સ્પષ્ટ કરતા સાંસદે જણાવ્યું કે, રાજનીતિમાં હંમેશાં ખુરશીની લડાઈ હોય છે, જ્યારે રોટરી જેવી સંસ્થાઓમાં કોઈ ખુરશીની લડાઈ નથી હોતી. અહીં તો નિવૃત્ત થતા પ્રમુખ પણ નવા આવનારા પ્રમુખને એટલા જ હોંશ અને ઉમળકાથી આવકારે છે. તેમણે કડીની શાળાઓ અને હોસ્પિટલોમાં રોટરી ક્લબના દાન અને માર્ગદર્શનના યોગદાનને બિરદાવ્યું હતું.

પોતાને રાજ્યસભા સભ્યને બદલે કડીના એક સામાન્ય સેવક ગણાવતા રાજેશ શુક્લે કડીની જનતા પ્રત્યે ઋણ સ્વીકાર્યું હતું. તેમણે એક અનોખી જાહેરાત કરતા જણાવ્યું કે, કડીના જે પણ નાગરિકો કે ગ્રુપને દિલ્હી ખાતે લોકસભા અને રાજ્યસભાની મુલાકાતે આવવું હોય, તેઓ સંસદ સત્ર દરમિયાન અગાઉથી જાણ કરશે તો તેમના માટે રહેવાની અને ભોજનની સુંદર વ્યવસ્થા તેઓ પોતે કરી આપશે.

આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત સર્વ વિદ્યાલય (એસ.વી.) કેમ્પસના ચેરમેન વલ્લભ એમ. પટેલે પ્રેરણાદાયી ઉદબોધન આપતા જણાવ્યું હતું કે, વ્યક્તિ બાહ્ય દેખાવથી નહીં પરંતુ તેના નિઃસ્વાર્થ કાર્યોથી સુંદર બને છે. ઇતિહાસ વૈભવને નહીં, પણ સેવા કાર્યોને જ યાદ રાખે છે. રોટરીના લોગોમાં રહેલા ૨૪ દાંતા એ ૨૪ કલાક સેવામાં સક્રિય રહેવાનું પ્રતીક છે. તેમણે બાળકોમાં ઘરથી જ સેવાના સંસ્કારો સિંચવા પર ભાર મૂક્યો હતો.

વર્ષ ૧૯૯૫માં કડી રોટરી ક્લબના સૌપ્રથમ પ્રમુખ રહી ચૂકેલા વલ્લભભાઈ પટેલે ભૂતકાળના સંસ્મરણો વાગોળી ક્લબના પુનઃગઠન બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. અંતમાં તેમણે ખાતરી આપી હતી કે સામાજિક ઉત્થાનના કાર્યો માટે સર્વ વિદ્યાલય પરિવાર હંમેશા રોટરી ક્લબની સાથે ખભેખભા મિલાવીને ઊભો રહેશે.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે કડી નગરપાલિકાના પ્રમુખ રાજેન્દ્ર ગજ્જર, ફઈઇ ઈંઠ ૩૦૫૫ ના રોટ્રે. અનેરી ભટ્ટ, આસિસ્ટન્ટ ગવર્નર રોટે. વિપુલ રામી અને રોટ્રે. મિત જોષી એ હાજરી આપી હતી. સમારોહના નિમંત્રક તરીકે રોટે. ભરત પટેલ (રોટરી પ્રેસિડેન્ટ) અને રોટે. કલ્પેશ પ્રજાપતિ (રોટરી સેક્રેટરી) રહ્યા હતા. વર્ષ ૨૦૨૬-૨૭ માટે રોટરી ક્લબના નવા પ્રેસિડેન્ટ તરીકે રોટે. ભાવિન પટેલ અને સેક્રેટરી તરીકે રોટે. અંકિત પટેલે શપથ લીધા હતા.

રોટરી ક્લબની યુવ વિંગ સમાન રોટરેક્ટ ક્લબના પદાધિકારીઓનો પણ શપથવિધિ યોજાયો હતો. આ પ્રસંગે નિમંત્રક તરીકે રોટ્રે. મિત્તલ પટેલ (રોટરેક્ટ પ્રેસિડેન્ટ) અને રોટ્રે. કાજલ પ્રજાપતિ (રોટરેક્ટ જોઈન્ટ સેક્રેટરી) ઉપસ્થિત રહ્યા હતા. વર્ષ ૨૦૨૬-૨૭ માટે રોટરેક્ટ ક્લબના નવા પ્રેસિડેન્ટ તરીકે રોટ્રે. મનોરથ ગોસ્વામી અને સેક્રેટરી તરીકે રોટ્રે. તરંગ ઠક્કરે હોદ્દો ગ્રહણ કર્યો હતો.

કડી શહેરમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને સામાજિક જાગૃતિના સેવાકીય કાર્યોને વધુ વેગવંતા બનાવવા માટે રોટરી અને રોટરેક્ટ ક્લબની આ નવી ટીમ આગામી વર્ષમાં સક્રિયપણે કાર્ય કરશે તેવો હોદ્દેદારોએ આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# મહેસાણા એન્ટિક સિક્કાના બહાને બોલાવી વેપારીને હનીટ્રેપમાં ફસાવ્યો, લાખોની લૂંટ કરી માર માર્યો




મહેસાણા શહેરમાં હનીટ્રેપની એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. પાટણના એક ૬૪ વર્ષીય વૃદ્ધ વેપારીને એન્ટિક સિક્કા ખરીદવાના બહાને મહેસાણા બોલાવી, બંધ રૂમમાં બંધક બનાવીને બે મહિલાઓ સહિત પાંચ શખ્સોની ટોળકીએ આશરે ૪.૩૫ લાખ રૂપિયાની લૂંટ ચલાવી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, પાટણમાં વેપાર કરતા આધેડ વયના વેપારીને ગત ૧૦ જુલાઈના રોજ એન્ટિક જૂના સિક્કા ખરીદવાની લાલચ આપી મહેસાણાના બિલાડીબાગ વિસ્તારમાં આવેલા ખુશ્બુ એપાર્ટમેન્ટના રૂમ નંબર ૯માં બોલાવવામાં આવ્યા હતા. વેપારી રૂમમાં પહોંચ્યા કે તરત જ આરોપીઓએ દરવાજો બહારથી બંધ કરી દીધો હતો. ત્યારબાદ પૂર્વઆયોજિત કાવતરાના ભાગરૂપે વેપારીને પટ્ટા વડે નિર્દયતાથી માર મારી, તેમના કપડાં ઉતારી એક મહિલા સાથે બિભત્સ સ્થિતિમાં મોબાઈલમાં ફોટા પાડી લીધા હતા.

આરોપીઓએ વેપારીને ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરી બદનામ કરી દેવાની ધમકી આપી ત્રણ લાખ રૂપિયાની માંગણી કરી હતી. વેપારીના પેન્ટના ખિસ્સામાંથી રોકડા ૧૦ હજાર રૂપિયા અને પાકીટમાંથી કાર્ડ કઢાવી લીધા હતા. એટલું જ નહીં, તેમના ગળામાંથી ૧૮ ગ્રામની સોનાની રુદ્રાક્ષની માળા (કિંમત આશરે ૨ લાખ) અને હાથમાંથી બે સોનાની વીંટીઓ (કિંમત ૧.૭૫ લાખ) બળજબરીથી પડાવી લીધી હતી. વેપારીને છોડવા માટે વધુ ૫૦ હજારની માંગણી કરવામાં આવતા તેમણે પોતાના મિત્ર પાસે પૈસા મંગાવી આરોપીઓને આપ્યા હતા. આમ, કુલ ૪,૩૫,૦૦૦ રૂપિયાની મતા લૂંટી લેવામાં આવી હતી.

આ સમગ્ર મામલે ભોગ બનનાર વેપારીએ મહેસાણા શહેર એ-ડિવિઝન પોલીસ મથકે વીકી, ધર્મેશ, નયનાબેન, ધર્મેશની પત્ની અને વિમલ નામના પાંચ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પોલીસની અલગ-અલગ ટીમો હાલ ફરાર આરોપીઓની શોધખોળ કરી રહી છે.

# ઊંઝામાં ૧૬ વર્ષીય સગીરાનું અપહરણ: અજાણ્યો શખ્સ લાલચ આપી ભગાડી ગયો હોવાની પોલીસ ફરિયાદ

ઊંઝા પંથકમાંથી એક ગંભીર ઘટના સામે આવી છે, જેમાં ૧૬ વર્ષીય સગીરાનું અપહરણ થયું હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે. કોઈ અજાણ્યો શખ્સ સગીરાને લાલચ આપીને તેના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી ગયો હોવાનું સામે આવતા ચકચાર મચી ગઈ છે.

ઘટનાની વિગત મુજબ, ઊંઝા વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા એક પરિવારની દીકરીનું ગત તારીખ ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ રાત્રિના સુમારે આશરે ૯:૦૦ વાગ્યાની આસપાસ અપહરણ થયું હતું. દીકરી અચાનક ઘરેથી ગુમ થઈ જતાં પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી. પરિવાર દ્વારા આસપાસના વિસ્તારો તથા સગા-સંબંધીઓને ત્યાં દીકરીની સઘન શોધખોળ કરવામાં આવી હતી, પરંતુ દીકરીનો કોઈ પત્તો લાગ્યો નહોતો.

દીકરી મળી ન આવતા આખરે પરિવારે ઊંઝા પોલીસનો સંપર્ક કર્યો હતો અને આ મામલે ફરિયાદ નોંધાવી હતી. પરિવારની ફરિયાદના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે પોલીસે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૩૭(૨) હેઠળ ગુનો નોંધીને સગીરા તથા તેને ભગાડી જનાર શખ્સની શોધખોળ શરૂ કરી છે. હાલ ઊંઝા પોલીસ આ ઘટનાની ગંભીરતાથી તપાસ કરી રહી છે.

Volume : 12 Issue : 86, Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002